પિચકારન બંદૂક હાથલે–કુમકુમ[1] ગોલી બનાઈ,
લેનાહો તો લેલે જિયરા–દુખ યે સહ્યો નહિ જાઈ;
એગ બિષ[2] દિજીયો પિલાઈ. ૨

સબ સખિયન મિલ મંગલ ગાવે–ઘરઘર બાજે બધાઈ,
જાને ક્યા વે મેરે દરદકોં–નાથહિ સુધ બિસરાઈ;
કબીહૂ ન પાતી[3] પઠાઈ. ૩

નૈન પિચકારી આંસૂ ભરકે–મૈને તનપેં ચલાઈ,
રૂદન ફાગ[4] પુકારી રહીહૈં–ડફ છતિયનકો બનાઈ;
કાસદ જા કહિયો ભાઈ. ૪

રૂતુ બસંત આનંદ મચાવે–ક્યું રહું મન સમઝાઈ,
જો યે કર્મમેં ફગવા નહી તો–કાહેકુ હોરી બનાઈ;
દિયો મેરે તનકોં જલાઈ. ૫

જલો યે સાડી બિરહ[5] રંગરેજને–દેખી ફિરોજા રંગાઈ.
મિલે પિયાજો યહિ ફાગુનમેં–રાખુંગિ મન સમઝાઈ;
હરષ નહિ રૂહેવે સમાઈ. ૬

પ્રેમરંગ હોરી.

ભૈરવી–તાલ દીપચંદી.

(રેનીસાગમ નીધપ ધપમ ગરેસા.—એ રાહ)

નાથ મૈતો ખેલું રંગારંગ હોરી,
દેને ધ્યાન ઔર યહિ પ્રાન;
પ્રીતમ કાહુકી ચોરી. ૧

૧—ગુલાલના ગોળા. ૨—વિષ; જેહર. ૩—કાગલ; ચોઠ્ઠી.
૪—ફાગણનાં ગાયન. ૫—જુદાઈના.

પ્રેમ પ્રીતકો રંગ બનાઉં–મૂઠી ભરીભરી રોરી[1];
યહી જનમ સો ફાગુન મેરો–નિશિ દિનહિ કરૂં બલજોરી. ૨

અપનેહિ ઘટકા ડફડા બજાઉં–હૃદયમેં સુતાલ તકોરી;
તન બેલેર[2] રગ[3] તાંત લગાઉં–ગાઉં ભજન ફાગ બોરી. ૩

અત્તર ગુલાબ સુમતી[4] બનાઉં–ભાવકે અબિરસૌં ઘોરી;
ભરૂં હરપ નૈનો પિચકારી–મારૂં પ્રેમસૌ દોરી. ૪

મારી બિરહકી કોઈ રોતિ હૈ–સુંદરી લહુમેં બોરી;
ડુલતી હરખમેં સુંદર ગગરિયાં–જમને ડારી ફોરી. ૫

વૃથા યેં ફાગુન બહ્યો જાતહૈ–જાગરે મુરખી છોરી;
ફિરોજ પિયકો સુમિરન[5] કરલે અવસર[6] રૂહે ગઇ થોરી. ૬

સખી સર્વને સરખું આપેછે.

બિહાગ–ખ્યાલ–તાલ ધીમો ત્રિતાલો.

(સુરિજનવા ઘર આ, તુમારે મિલનકો.—એ રાહ)

તરવરીયાં[7] ધન છાં,[8] ગુણિ અવગુણિકે,
શિરપર સરખી ધરિયાં;
જો આન ખડે રૂહે વાકી છાં. ૧

દાંનશીલ[9] પ્રમાણ નહીં–ભેદ પાપ પુન્યે પૈછાંન નહીં;
ફિરોજ કૂપ[10] નિચ ઊંચ ભરિયાં–જો આન ખડે રૂહેવાહીઠાં[11] ૨

૧—કુમકુમ. ૨—સારંગીપર. ૩—નેસ. ૪—મનશાની; નેક બુધ્ધિ. ૫—યાદ; બંદગી. ૬—તક; વખત. ૭—ઝાડ. ૮—છાંયો. ૯—સખી દીલનો; દાતાર. ૧૦—કુવો. ૧૧—ઠેકાણે.

ભાગ ૨ જો.

ગુજરાતી ભાષાના ગાયન.

બંદગી કરવા વિશે.

યમન કલ્યાણ—ધ્રૂપદ—તાલ ચોતાલો.

(એ મન ગાયણ કર ગુણ રામકે.—એ રાહ.)

એ મન કરની યાદ ખુદાને હરદમ;
જન્મ સફળ તુજ થાશે. ૧
દીનદયાળ[1] વિશ્વંભર[2] સ્વામીના ગુણ;
ગાનિ તાપ[3] ત્રણ જાશે. ૨
સત્ય મને સત વચન કર્મે ભજ ભાવે;
નિત અમૃત ફળ ખાશે. ૩
મંગલ[4] નામ ફિરોજ રટે રસના જે;
પાપ દૂર સઉ નાસે. ૪

જીવને શિક્ષા.

ભૈરવી—ધ્રૂપદ—તાલ ચોતાલો.

(તુંહી ગત અગમ અપાર નારાયણ નિરંકાર.—એ રાહ.)

નામ સમર[5] નાથ તણું,
પામ પરમ[6] દાન ઘણું;

૧—ગરીબની ઉપર દયા કરનાર. ૨—દુનિયાનું પોષણ કરનાર. ૩—ત્રણ પ્રકારનો તાપ; પહેલો શરીર અને મનનો સંતાપ ઇત્યાદિ, બીજો ધરતીકંપ, રેલ, દુકાળ, આગ ઇત્યાદિ; ત્રીજો અકસ્માત જેવા કે વિજળીનું પડવું, કોલેરા, મરકી ઇત્યાદિ. ૪—શુભ, કલ્યાણ કરનાર. ૫—યાદ કર. ૬—ઉત્તમ, સરસ.

કામ અગમ[1] જોઇ અણુ[2],
જામ આઠ ગાઇ ગાઇ. ૧
રટે ગગનરાજ[3] ભોમ[4],
ઘટે વધે ઘટમ સોમ[5];
મટે વિપત જપેં એમ,
લટે સર્વ ધાઇ ધાઇ. ૨
ખોટ વનજ ટાળ ખરે,
કોટ જગત પાર તરે;
ગોટ પ્રેમ પાન કરે,
લોટ ભાવ ખાઇ ખાઇ. ૩
દાસ કહું ફિરોજ નાથ,
આસ બહુ ન દામ હાથ;
ખાસ ભજન વગર સાથ,
પાસ નથી કાઇ કાઇ. ૪

સાચું બોલવા વિશે.

બિહાગ–ધ્રૂપદ–તાલ સુલફાક.

(ગુરૂ ગતિ લીલા કિનહુ ન જાની.—એ રાહ.)

સાંભલ સજની—શિખ આ સારી;
જૂઠૂં તજની—સાચ ઉચારી. ૧
સાચે સ્વામી—અંતરજામી;
રાજિ થઈ દે—ધામ[6] સુધારી. ૨

૧—એદ ભરેલાં. ૨—ઘણુંજ ઝીણું જે કંઇ તે. ૩—આકાશ નો રાજા; સૂરજ. ૪—મંગળ ગ્રહ. ૫—ચંદ્ર. ૬—ઠેકાણું; આસાએશની જગા, જેમકે બહેશ્ત અથવા દોજખ.

સાચે જયછે—ના કો ભયછે;
સાચે તરશે—શિલા[1] ભારી. ૩
ફિરોજ સાચું—છે નવ કાચું;
સાચ વિપતદે—પાર ઉતારી. ૪

જીવને શિક્ષા.

ભૈરવી-ગજલ-તાલ દીપચંદી.

(ન મિલતા ગુલરૂખોસે દિલ મેરા મશહુર ક્યું હોતા.એ રાહ.)

ધરી દિલડર ગુનાહ ના કર,
ખુદા તુજપર ખફા થાશે;
વળી ક્યામત દિને તુજ ખત,
પછી ઝટપટ જફા થાશે. ૧

તજી નેકીની મીઠી જામ[2],
બદી જેહરી પિએછે તમામ;
ખુદાનું નહી તુ લેતો નામ,
અરે દોજખી દફા[3] થાશે. ૨

ખરા રોજગાર હકના કરે,
સદા નેકીથી ના તું ફર;
જરા સખ્તી જોઇ ના ડર,
કબૂ નહિ બેવફા થાશે. ૩

પડીછે લાલચો લાખો,
સડી સમજી તજી નાખો;

૧—પત્થરની મોટી લાદી. ૨—પ્યાલું. ૩—નાશ.

ઘડી ના જો ખુલી આંખો,
સ્વર્ગની રાહ સફા થાશે. ૪

અશો[1] જરથોસ્ત પૈગમ્બર,
કરે તેને સદા રેહબર[2];
ધરો કદમો ભલી રાહપૅર,
સર્વ ફીરોજ નફા થાશે. ૫

સદા કોઇનું કાંઇ રહયું નથી.

સિંધ ભૈરવી-ગજલ-તાલ ત્રિવટ.

(દુનિયામેં દિલ કિસીસે લગાના ભલા નહી.—એ રાહ.)

દુનિયામાં બરકરારી કોઇની રહી નહી;
સદા હયાં બખ્તયારી કોઇની રહી નહી. ૧

જમશેદને જુહાકબી આધીન થઇ ગયા;
સદા એ બાગબ્હારી કોઇની રહી નહી. ૨

ગુનએખથી નેપોલ્યની ગયું નામ નિશાંન;
હ્યાં તાજ ઓ તખ્તદારી કોઇની રહી નહી. ૩

એ ધુનાહઓ તોહમતી જાલોમાં તરફડે;
ફરેબને બદકારી કોઇની રહી નહી. ૪

ફના થઈ અમીર કોઇ ભુખે મરેછે;
ગિર્દશી[3] લાચારી કોઇની રહી નહી. ૫

કિસ્મતી ઘંટી સહુને પોસેછે ફિરોજ;
ખુદા સિવાય યારી કોઇની રહી નહી. ૬

૧—પવિત્ર. ૨—ભોમિયો; રસતો દેખાડનાર. ૩—આફત.

કંજૂસ વિશે.

જિંઝોટી—પદ—તાલ ધીમો ત્રિતાલો.

(ચતરંગકો ભેદ ગુણિયનમેં ગાય.—એ રાહ.)

સૂમ[1] ધન નિજનું[2] ખરચે ન ખાય,
કમુ જોય સખી તો જીવ જાય;
નહિ લાખ મળે સંતોષ થાય. 1
જેમ ઘાસ ગંજીનો કુતરો;
ભોંસે દુરથી જોઇ ગાય. 2
તન મન તલપે—પુરૂં ન જમે,
ધન ધન કલપે[3]—વિપતિ ખમે;
કુમતી[4] ધરશે—કદિના ડરશે,
નરકે ઠરશે—મરશે,
ચટ પટ કરશે—મુઝાય. 3
સુણી તુ લે સૂમ,
મેલી જાશે—દેની હાથે,
નાતો થાશે—તારી સાથે;
મારૂં મારૂં તું સાનું કહિ રિઝાય. 4

ઇશ્વર સર્વને વેહેંચી આપેછે.

ભૈરવ પ્રભાતિ—પદ તાલ—એકકો.

(શંકર મહાદેવ દેવ સેવક સબ જાકે.—એ રાહ.)

હો પ્રભુ હું વરણું શું ત્હારી પ્રભુતાઈ[5];
જરા જરા અંશ[6] સર્વમા રહયો સમાઈ. 1

1—કંજૂસ. 2—પોતાનું. 3—મનમાં વિચાર કરે.
4—ખરાબ બુધ્ધિ. 5—મોટાઇ. 6—વિભાગ.

સરસ્વતી લક્ષ્મીની જોડ હું જુદાઈ;
જ્ઞાનિ રંક[1], મુર્ખ નિધીમાં[2] ગયો ડટાઈ. ૨
ચાત્રકને કુરૂપ દિધું મોર શુભ સજાઈ;
મોરનો કઠોર કંઠ પિક[3] રિજવે ગાઈ. ૩
હેમને[4] સુગંધ નહી પુષ્પ સુખડ કાંઈ,
સેરડી ફૂળે નહિ કાંટા ગુલાબ ભાઈ, ૪
અતિ કડવો લીમડો દવાઈ સુખદાઈ,
સુંદર ફળ ધંતુરાનાં કોણ શકે ખાઈ. ૫
વાઘ સરપ પક્ષિ હોત ડસત ગગન જાઈ,
ગ્રાહ[5] પગી જોઇ જતે ભૂચર[6] અકળાઈ. ૬
ખર લાંબે સિંઘડે ગયો હતે ફુલાઈ,
ધન્ય પ્રભુ કહે ફિરોજ ધન્ય ચતુરાઇ. ૭

રૂડી સ્ત્રિના જેવું બીજું સુખ નથી.

ભૈરવી—પદ—તાલ જલદ ત્રિતાલો.

(જુગ જાનસેના સ્વપના બંદે કાહેકો કરત હય કલપના.—એ રાહ.)

જગત સુખ નારિ સમાન ન કોઇ,
સરસ સંસારી એ ખુશબોઇ. ૧
મિત્ર સગા સહુ સુખના સાથી,
કરશે તે બદગોઇ,
સત્ય એક એ સાથી તમારી,
ન તજે આફ્ત જોઇ.

૧—ગરીબ. ૨—દ્રવ્યમાં. ૩—પપઈયો. પક્ષી. ૪—સોનાને. ૫—મગર મચ્છ. ૬—જમીન ઉપર ચાલનારા.

જળી બળી કમુ સાંજ સમેં પતિ,
ઘર આવે ધન ખોઇ;
મધુર પ્રેમરસ પ્યાલો પાઈ
દિલ દુખ નાખે ધોઇ. ૩
સુખ ગોરસની[1] રવૈ[2] જગતમાં,
નારી હાથ વલોઇ;
દુખ બાગે પણ અમૃત ફળની,
નારે વેલો બોઇ[3]. ૪
કહે ફિરોજ આંસુ આફતનાં,
ધીરજ ધાગે[4] પોઇ;
ધન્ય નાર જે દુખ વેઠે, પણ
બ્હાર જણાય ન રોઇ. ૫

પતિપ્રેમ.

મુલતાંની—પદ—તાલ દીપચંદી.

(આખાંનો વાઘેર કોડીનાર મારી જાય.—એ રાહ.)

તમથી[5] લાગી પ્રીત—વ્હાલા,
મારી તમથી લાગી પ્રીત. ૧
ગળે લગાડી ગરદન મારી,
કયા ગાંમની રીત;
કંઈ એવડી ચૂક પડીકે.
ફર્યું તમારૂં ચિત્ત. ૨

૧—ગાયના દુધનાં દહીંની. ૨—જેણેવતી દહીં વલોવી છાસ કરવામાં આવેછે તે. ૩—જમીનમાં વાવણી કરી. ૪—દોરા ઉપર ૫—તમ સાથે.

તમવિન ભોજન કેમરે ભાવે,
રહિ શું કરૂં મંડિત[1];
તમ વિયોગ અંતર કોરે જેમ,
સોખંડ ખાએ કીટ. ૩

મીણ સમાન જે હૈડું તમારૂં,
કીધું અરજથી અજીત[2];
હાથ જોડિ હું વિનતી કરૂંછું,
કાંય કરોછો ઝીત. ૪

પતિવિન જગમાં જિવતર જાંણે,
પાયા વિનાની ભીત;
ફિરોજ સ્વામી મેલી ગયાછો,
આંસુ વહેછે નિત. ૫

સંકટમાં પડેલી સ્ત્રીની બંદગી[3].

મુલતાની—પદ—તાલ દીપચંદી.

(ઓખાંનો વાઘેર કોડીનાર મારી જાય.—એ રાહ.)

હરિ વિના રક્ષા કોણ કરે,
મારિ અરજી દિલમાં ધરે. ૧

૧—સણગાર ધારણ કરીને. ૨—નહી ઝીતી શકાય તેવું ૩—જંગલમાં ગંગા નદીને કાંઠે એક ગરીબ ખેડુત પોતાની સ્ત્રી સાથે એક ઝુંપડીમાં રેહતો હતો, એક દિવશે સહવારે તે દુરના સેહેરમાં ફળ ફળાડી વેચવા ગયો પણ હમેસ મુજબ સાંજ સુધીમાં જ્યારે ઘેર પાછો નહી આવ્યો તારે તેની સ્ત્રી જે એખલી હતી તે બહુ ફિકરમંદ થઇ વાટ જોવા લાગી, હવે મધ્ય રાત સમેં તેણીને એખલી જાણી ચોરોએ ઝુંપડી લુટવા સારૂં તેણીને બારણું હુગાડવાને કહયું, પણ જ્યારે તેણીએ તેમ ન કીધું ત્યારે ઝુંપડીનાં પાછલા ભાગમાં આગ લગાડી, આ જોઇ બીચારી નીરાધાર સ્ત્રી ખરા દીલથી ખુદાની બંદગી કરવા લાગી, જે તે સાહેબે કબુલ રાખી વરસાદ વરસાવી આગ બુજાવી; આ વરસાદથી ગંગામાં રેલ આવી જેથી ઝુંપડીની ચોમેર પાંણી ફરી વળ્યાં, આ જોઇ ચોરો પ્રાંણની ધાસ્તી કરી તરતા બુડતા નાહસી ગયા; બીજી તરફ તેણીનો ભરથાર જે અતિશય તરસને લીધે થોડે દુર બેસુધ પડેલો હતો અને જેનાં સંકટ વિશે તેણીને બિલકુલ ખબર નહતી, તેના મોઢામાં જ્યારે વરસાદનાં બુંદ પડયાં ત્યારે હુશીઆર થઇ ઝુંપડીમાં આવી પોહોંતો.

સુણ ગંગા નાથ ઘેર ન આવ્યા–થઇ મધ્ય રાત્ર ખરે,
એકલડી જે વનમાં વશે તે–ચોરો થકી તો ડરે. ૨

ચોર જનો શીદ મજને મુંઝાવો–નહીં તમ કાર્ય સરે,
અંત સમે પણ દ્વાર ન ખોલું–ચાહે તે દુઃખો પડે. ૩

હાય હવે તો આગ લગાડી–પાછળ વાડો જરે,
કેમ દયાળ પ્રભુ આ જોશે–(કે) દાશી બળીને મરે. ૪

હે વિશ્વનાથ[1] શ્રવણ–કર્યું[2] બહુમેં–(કે) જે તુજ દાસ કરે.
તેની વિપત્તિ સાહ્ય કરીને નિશ્ચય ઈશ હરે. ૫

ગગન તણીતો ઘટા કાળી થઇ–વાદળ જોરે ચરે,
મેઘરાજને સાહ્ય મોકલ્યા–આવે કઠણ અવસરે. ૬

પણ એકમાંતો આગ બુજાવી–જોતાં કઇ ન બરે,
આવ્યું પૂર[3] નદીમાં ભાંગતાં–દુષ્ટો ડુબે તરે. ૭

દૂરથી નારી પતિ જોઇ હરખી–શ્રી હરિ હરિ ઉચરે,
સ્નેહ સહિત જઇ પતિને મળી દગ[4]–હર્ષાશ્રુથી[5] ભરે. ૮

ઓ પતિરાજ રોકાયા ક્યાં તમે–આવ્યા અવેળા ઘરે,
પતિ કહે વનમાં પાણી વિનતો–કેમ ન જીવ ડરે. ૯

મુર્છામાં[6] મુજ દેહ પડીને–પાંણી વિના તડફરે,
આવી અચાનક શુધ્ધિને જોતાં–ઘનબિંદુ[7] મુખમાં ઝરે. ૧૦

૧—દુનિયાના ધણી. ૨—સાંભળીયું. ૩—રેળ: ૪—આંખ
૫—હરખનાં આંસુથ. ૬—બેભાણપણામાં. ૭—વરસાદનાં ટીપાં,

ધન્ય ધન્ય પ્રભુ જગકર્તાને,
ફિરોજ મનથી વરે;
સાજ્ઞ તમારો તેને છે નિત,
જે તમથી ના ફરે. ૧૧

અમર કોઇ નથી.

મુલતાની—પદ—તાલ દીપચંદી

(ઉપલી રાહ.)

મેળિ ગયા આ ઠામ—ભાઇ સહુ,
મેળિ ગયા આ ઠામ. ૧

મોટા મોટા મ્હેલો બાંધી—લખપતિ રાખ્યાં નામ;
પણ વાયૂ સ્થળ જગનું પ્રભુને—દીધું ન દમડી દામ. ૨

રાવણ બહુ અભિમાની જેણે—વેર કર્યું સહ[1] રામ;
દુર્યોધન નૃપપદને[2] માટે—લડ્યો ધરી બહુ હામ[3]. ૩

બાટલિવાળા જેવા શેઠો—ધર્મિ કરી શુભ કામ;
અંતે કાળ શરણ થઇ કીધો—વાસ બેહેસ્ત મુકામ. ૪

ભક્ત રાત દિન ભક્તિ કરીને—તનથી કાઢ્યા ઘામ[4];
તજિ જગની જૂઠી માયા, ભજિ—માળા આઠો જામ. ૫

ફિરોજ સહુ જન જાશે એ પથ[5]—છોડિ જગતનું ઠામ;
ધરણિ[6] માતને અરપણ થાશે—હાડ માસને ચામ. ૬

૧—સાથ. ૨—બાદશાતને. ૩—હિમ્મત. ૪—પરસેવા.
૫—રસ્તે. ૬—ધરતી.

ઉદ્યમ કરવા વિશે.

મુલતાંની—પદ—તાલ દીપચંદી.

(ઉપલીજ રાહ.)

મુરખ કાં કરેછે કરમની[1] આસ;
જા ઉદ્યમ કરની ખાસ. ૧

કરમ ખેતનો ઉદ્યમ ખેડુત,
છે જય જહેનો દાસ;
ખેડયા વિના નહિ ધાન્ય પાકશે,
રહેશે ઘાસનું ઘાસ. ૨

ઉદ્યમ વિન કેમ જશે પેટમાં,
ભોજન રાખ્યું પાસ;
કવલ[2] કરે[3] લઇ મુખ નહિ નાખો,
તો કરશો ઉપવાસ. ૩

પંખો હલાવ્યા વિન વાયૂ કેમ,
ખાશો ચૈતર માસ;
ફિરોજ માખણ કેમ નિકળશે,
જો ન વલોવો છાસ. ૪

મનને શિક્ષા.

દેશ—પદ—તાલ દાદરો.

(કૌન સિખાયો લાલ થાને મિઠા બોલના.—એ રાહ.)

મૂઢ મન બુરી તું કાં રમત રમેછે;
છોડી હરિ નામ કેમ ગમત ગમેછે. ૧

૧—નસીબની ૨—કોળિયો; ગ્રુક. ૩—હાથે.

પર સુખ લેખી મુખ તુજ કમકમેછે,
પર દુખ દેખી તુ ખુશી દુષ્ટ સમેછે;
ઝિપલાવી ભય જળમાં કાં તું વમેછે. ૨

વિષય[1] તણાં વિષ વિણિને નિત્ય જમેછે.
અમિફ્ળનો ત્યાગ કરી કેમ ભમેછે;
સ્વર્ગ પંથ પરહરિ[2] નર્કે તું દમેછે. ૩

છળ[3] ઝાંઝર પાય બાંધિ છમછમેછે,
ધૂલિ સદા ધમણ પેર ધૈંમધમેછે;
સદાનંદ સુખ તજિને દુઃખ ખમેછે. ૪

નિંદાનો તિલક મુખે તમતમેછે,
મતલબને કાજ શીદ નીચનમેછે;
કહેછે ફિરોજ ખોજ નાશ યમેછે. ૫

અબળાને શિખામણ.

રામકલી—ગરબી—તાલ દાદરો.

(બેડલે મારે ભાર ઘણોછે દિનાનાથરે.--એ રાહ.)

સંપત[4] જતેબિ ચાહે જે નિત પતિને પ્રેમથીરે,
સત તે નેહ[5] જાંણિયે;
સંકટ સમેં તજે નહિ જે મિત્ર રૂડી નેમથીરે,
સત તે સ્નેહ[6] માંનિયે. ૧
દિન પાછળ રાત્ર થશે—અજવાળું મટી જશે,
રહેશે ન સદૈવ એક રંગે;

૧—રૂપ, રસ ગન્ધ, શબ્દ, સ્પરશ; એ પાંચ ઇન્દ્રિના વિષયો. ૨—તજીને.
૩—કપટ, દગો. ૪—દોલત. ૫—પ્યાર. ૬—દોસ્તી.

વાવો જો બી દુખનાં—ખાશો તો ફળ સુખનાં,
તે પણ નહિ રૂહેશે નિત સંગે. ૨

ભૂમિ વિના મૂળ નહી—મૂળ વિના ફૂલ નહી,
ફૂલ વિના ફળો કેમ થાએ;
પાપ વિના નાશ નહી—નાશ વિના સ્વાસ નહી,
મૃત્યુ વિના સ્વર્ગ કેમ જાએ. ૩

બાગનો સુહાગ જશે—વનનો વળિ બાગ થશે,
ભાગ્યો ભૂમીનાં પણ જાગે;
ગાદીએ રંક ચહડે—ભૂપતી નિરાસ રડે,
ઘર ઘરમાં ભીખ ફરી માગે. ૪

રૂત સુણો એક નહી—ચારો તે ચાલુ રહી,
છે ફિરોજ ગુણ ઘણાજ ન્યારા;
ધન્ય તે અબળા કહી—દુખ સહિ જે ચૂપ રહી,
કહે પતિ ધરો ધીરજ પ્યારા. ૫

પાપી પશ્ચાતાપ.

ભૈરવી—મુસ્તઝાદ—તાલ દીપચંદી.

(સેરા ૫ હમનો તુમે ગમકો બાદ કરેંગે—એ રાહ.)

મૈં આ જગમાં આવિને—રૂડાં ન કિધાં કાજ,
અફસોસ કરૂંછ આજ;
શયતાંનને રિઝાવિને—ભવે ડુબાડ્યું જહાજ,
અફસોસ કરૂંછ આજ. ૧

વ્યર્થ જનમ ખોયો,
તેં ધરી ભુપર[1] ભાર,
કાંય હો બદકાર,
પરદ્રવ્ય નારિ મોહ્યો,
પ્હેર્યો કપટી સ્હાજ.
અફ્સોસ કરૂં છ આજ. ૨

લોકો સહુતો બોલે,
લુચ્ચાની દિવાળી,
છે ક્હેવત ખાલી;
બોલે ન પાપ બોળે,
અંતેજ જશે લાજ,
અફ્સોસ કરૂં છ આજ. ૩

ખુશિથી માગું મર્ગને,[2]
પણ આવે કેમ કજા,
નહી પુરી થઇ સજા;
કભૂ ન જોશ સ્વર્ગને,
થસ ઠાર નર્કમાજ,
અફ્સોસ કરૂં છ આજ. ૪

જોઇ મુજ બદહાલી,
ફિરોજ ચેત સદા,
નતો બાફ્શે ખુદા;
થશેજ પાયમાલી,
જો રૂઠશે જગરાજ,
અફ્સોસ કરૂં છ આજ. ૫

૧—ધરતી પર. ૨—મોહતને.

ઇશ્વરને શોધવા નિકળેલી છોકરી.

બરવા જિંઝોટી—ગરબી—તાલ ધીમો ત્રીતાલો;

(સવાલ)હું પ્રભુ દરશણની પ્યાસીરે તે દેખાડો બાઈ,
ભટકી શોધું અવિનાશીરે[1] કંઇ શોધ નહી પાઈ. ૧

કહો કહ્યે વશેછે ઠામે--શું નગર વને કે ગામે,
હું નામ ઠામ નહિ જાણું-શિદ શોધો મનથી છાનું;
બહુ શોધ કરંતાં દિન રાત્રે પણ ચોગમ હું ધાઈ. ૨

(જવાબ)સાંભળરે નાહની છોડી-શિદને તું ફોકટ દોડી,
આકાશ પૃથ્વિ પાતાળે-છે પ્રભુ વ્યાપક જ્યાં ભાળે;
નથી ત્રિલોકમાં એવી અવની[2] જે હરિથી છૂપાઈ. ૩

(સવાલ)કેવી તેની સુરતછે-શું માનવ સમ મૂરતછે,
છે રંગ સ્વેત[3] કે કાળો-શું માથે પણછે બાલો;
વળિ કર[4] ચરણો[5] કેટલાં કહોની છે મારી માઈ. ૪

(જવાબ)નથી રૂપ રંગ કંઇ એને—નથી કર ચરણો કંઇ તેને,
વિન આંખ જગત તે દેખે—કરતૂક સર્વનાં લેખે;
છે સઘળાં એકજ તેને રંક શું રાજાની જાઈ. ૫

(સવાલ)દર્શણની વેળા કઇછે—તેનું મંદિર વળિ કંઈછે,
નિંદ્રા લેછે તે ક્યારે—શું રાત્ર પડેછે ત્યારે ?
ક્યારે દેખું તેહને જાણવા મનમાં મુંઝાઈ. ૬

(જવાબ)દર્શણ દે આઠો જામે—નિંદ્રાથી સુખ નહિ પામે,
છે નિશિ દિન તે ઉદ્યોગી--આળસ નહિ નિંદ્રા ભોગી;
ચાહેતે વેળ કરો છાનું પણ જાશો સપડાઈ. ૭

(સવાલ)બધિ જ્ઞાની વાતો કહી--હું તોય આંધળી રહી,
તે દિશતો કેમ ન મૂને--તમ કહ્યુ દિશેછે ખૂણે;
કહો કહી જતનથી દર્શણ વિન ના રહુ હું પસતાઈ. ૮

૧—જે નાશ નહી પામે તે, ખુદા. ૨—દુનિયા. ૩—સફેત.
૪—હાથ. ૫—પગો.

(જવાબ)જે સત્ય માર્ગમેં ચાલે—તે જોય હરી જ્યાં ભાળે.
તે તેને સર્વથી પ્યારી--રહી સાથ થશે નહિ નયારી;
ફીરોજ કહે કિર્તી પરભુની જેણે મનથી ગાઈ. ૯

સ્વર્ગનો વાસો—જીવને શિક્ષા.

કાલિંગડો—લાવની—તાલ ત્રિવટ.

(ચલ બાત છોરદે કહાના.—એ રાહ.)

સહુ શોધો સુરપુર[1] વાસો;
નવ અંતકાળ પસતાશોરે. ૧

આ જગ માયાની જાળી-જો જાશો ફૂલીફાલી,
તો સૂરત થાશે કાળી-જાશો હાથો લઇ ખાલી;
પડિ નર્કે સડી પછડાશોરે. ૨

તું કહેછે મારૂં મારૂં-ઝટ જોઇ કહી દે વારૂં,
રે કોણ અંતનું ત્હારૂં-છે પાપ પુન્ય તુજ સારૂં;
જે કરશો તે લઇ જાશોરે. ૩

નિશિદિને રમાને થાક્યા-વળિ કેશ તમારા પાક્યા,
પરધન પરનારી તાક્યા-હરિ જશ તજિ ગપ બહુ હાંક્યા;
નવ પ્રભૂ પરમપદ[2] પાશોરે[3]. ૪

આ ભવ સ્વપના સમ જાણો-પ્રભુ પલપલ ક્ષણે વખાંણો,
પ્રાચીન[4] કાળ પ્રમાણો[5]-કરિ દૂર દુઃખની ખાંણો;
સુખી અંતે સ્વર્ગે થાશોરે. ૫

મારો રંકો છળ તીરે-ખરડો હાથો રૂધીરે,
શિદને જાઓ મંદીરે-વિભુ[6] સર્વે જોય હસીરે;
પ્રભુ નહી તમેજ ઠગાશોરે. ૬

૧—દેવતાઓનું શહેર; બહેશ્ત. ૨—સારી પદવી. ૩—પામશો.
૪— અસલનું. ૫—સાક્ષી આપી દેખાડવું. ૬--સઘળે ઠેકાંણે
હાજર રેહેનાર.

છે અવધિ[1] તમારી થોડી–ફૂળ જેમ પવન લે તોડી,
તેમજ ટુટશે જિવ દોરી–ફીરોજ઼ કહે સહુ છોરી[2];
હરિ દ્વારે જઇ અકળાશોરે. ૭

ઇશ્વર પ્રાર્થના.

ભૈરવી—પદ—તાલ એક તાલો.

(બક્ષો મને રબ ખાવિંદ હવે બહુ થઇ સજા.—એ રાહ.)

નમું ચરણ જગતનાથ–કૃપા કરી પાપી ઉધારશો;
દઇ સ્હાયક તમ હાથ–ભવ સાગરનાં દુઃખ ટારશો. ૧
કરિ અનહદ કપટ પાપ–થાકો હવે હું કુટિલ[3] કર્મથી,
તજિ તમ સમાન બાપ–મુખ કર્યું કાળું અધર્મથી;
હો જગ જનક[4] પતી,
જો દુર—કરમ ગતી;
તું સત સરલ મતી,
દે મૂઢ કહૂં ખતી;
અઘ[5] વિખ ચઢ્યું મુજ અંગ–ભગવંત મંત્રથી ઉતારશો. ૨
આ સરસ મનુષ દેહ–ગિરવી મુકી મેં નરક–પતી[6] પાસ,
લાગો સ્વરગી નેહ[7]–છોડવી હવે કોણ પુરે આસ;
હું સિસ સરણ કરૂં,
ના દુત નરક ડરૂં;
નાથજ ચરણ ધરૂં,
તો ભવ તરણ[8] તરૂં;
હો પતિત–પાવના[9]–આશા ફિરોજ઼ની સુધારશો. ૩

૧—જિંદગી. ૨—છોડી. ૩—બુરાં. ૪—બાપ ૫—પાપ.
૬—દોજખનો ઉપરી. ૭—પ્યાર. ૮—જેથી તરી જવાય તે.
૯—પાપીને પાખ કરનાર.

દુનિયાના ઢંગ.

ભૈરવી—પદ—તાલ જલદ ત્રિતાલો.

(ઉધ્ધો અપનો દામ ખોટો.—એ રાહ.)

આતે કેવા તારા ઢંગ—એક કહી તું બીજું ચાલે;
જુદ્દા જગ તુજ રંગ. ૧
સર્વે કહે કે દુખથી છૂટા—મુવા તજી જે અંગ;
પણ દેખ્યો નં એકપણ જેને—મરવા થાય ઉમંગ[1]. ૨
નેકીને સહુ કોઇ વખાંણી—ગાય વજાડી ચંગ;
પણ મુખરામ બગલમાં છૂરી—દેખિ થયો હું દંગ. ૩
કોઇ કહે કે દોલત બૂરી—જૂઠ જવાહિર નંગ;
તોએ તે મેળવવા કાજે—લડે કપટના જંગ[2]. ૪
દાન દિએ બસ માન માંગવા—કરી દયાનો ભંગ;
પત્રદ્વાર પ્રખ્યાત થવાને—જાએ નામ સલંગ. ૫
સ્વર્ગ સિફ્ત[3] પોકારી પોતે—કરે નર્કનો સંગ;
ફિરોજ એવા આંખ છતે મેં—જોયા ઘણા અપંગ. ૬

લગ્નના આશિર્વાદ.

(Home Sweet Home-હોમ સ્વીત હોમ.—એ રાહ.)

ધન ધન્ય દિન રે આજ બાઈ છે બહૂ શુભ કાજ,
શુભ લગ્નના લે આશિષો કન્યા અને વરરાજ;
રે ગાજને વળિ વાજ સાથે ગાયનોનો સંગ,
હો શુક્ર તે કરતારના નવ બ્હારનો છે રંગ. ૧
(કોરસ) બ્હાર બ્હાર—નેક નેક બ્હાર;
બક્ષો હો દાદાર—બક્ષો હો દાદાર.

૧—ખુશી, હોંસ. ૨—મોટી લડાઇ. ૩—તારીફ-

બહુ જીવજો સુખ ચેનથી વરરાજ કન્યા સાથ,
નિત પાળજો વચનો રહી નિત સંપથી સંગાથ;
જશ પામજો બહુ જગતના રૂડાં કરીને કાજ,
આ આશિષો અમ જીગરની બક્ષે ગરીબનવાજ.
(કોરસ) બ્હાર બ્હાર—નેક નેક બ્હાર;
બક્ષો હો દાદાર—બક્ષો હો દાદાર. ૨

બહુ ધન્ય સાથે માનપાનો પામજો રહિ નેક,
જરથોસ્તના રૂડા કલામો પાળજો દર એક;
સુ મનસ્ની ગેવસ્ની કૂનસ્ની સણગાર,
તનથી વળી મન ધન્યથી કરજો ખુશી કરતાર.
(કોરસ) બ્હાર બ્હાર—નેક નેક બ્હાર;
બક્ષો હો દાદાર—બક્ષો હો દાદાર. ૩

ગોસ્તાસ્પ જેવી જોરમંદી શામ જેવાં જવાંન,
ખુશચ્હેર સમ કયખોશરો જામાસ્પ જેવું જ્ઞાંન;
એજેન સમ થાઈ અશો—રૂસ્તમ જેવા સૂર,
પામો ખુદા જશને રસ કસો રહો સદા ભરપૂર.
(કોરસ) બ્હાર બ્હાર—નેક નેક બ્હાર;
બક્ષો હો દાદાર—બક્ષો હો દાદાર. ૪

થાળો ભરી ચાલો સખી સહુ પ્રેમ ફુલથી આજ,
આ ભાગ્યવંતી જોડિનેજ વધાવવાને કાજ;
હરષી ભલા આશિર્વાદો દીજિયે ફીરોજ,
હોજો મુબારક સાજવારી જે થઈ આ રોજ.
(કોરસ) બ્હાર બ્હાર—નેક નેક બ્હાર;
બક્ષો હો દાદાર—બક્ષો હો દાદાર. ૫

બ્રિટિષ રાજ્યની કીર્તિ.

(Come landlord fill the Glowing bowl.)

(દર ચાલે હાલે દિલમાં નોધીલો.—એ રાહ.)

રે રાય[1] રંક[2] જ્યાં એકજ છે,
જ્યાં સત્ય ન્યાયની ટેકજ છે;
સારદા[3] સદા શિંગાર રચે,
ઉદ્યોગ, હુન્નૅર, વેપાર જચે,
જેથી સંપતિ[4] સમૃદ્ધિ[5] મચે,
મ્હા વિક્ટોરિયાના રાજમાં. ૧

નહિ ડરતી બાજથી[6] ચીડીઓ,
જો થાય અદાલત કીડીઓ;
ઇનસાફ તેણિને યોગ્ય મલે,
ને સમદૃષ્ટીથી[7] સર્વ પલે,
જન હો નિર્ધન ધનવાન ભલે,
મ્હા વિક્ટોરિયાના રાજમાં. ૨

કર જોડિ માંગિયે જગદાતા,
કરૂણા કર અમપર મ્હાજ્ઞાતા[8];
કે ઉડે સદા હ્યાં બ્રિટિષ ધજા,
ફીરોજ સુખી રૂહે હિંદ પ્રજા,
નિર્ભય રૂહે વાઘ સમીપ[9] અજા[10],
મ્હા વિક્ટોરિયાના રાજમાં. ૩

૧—ધનવાન પુરૂષ. ૨—ગરીબ. ૩—વિદ્યાની દેવી. ૪—દોલત. ૫—આબાદી. ૬—એક શિકાર કરનાર પક્ષીથી. ૭—સરખી નજરે. ૮—મોટાજ્ઞાની. ૯—પાસે, નજીક. ૧૦—બકરી.

કયસરે હિંદ વિક્ટોરિયાની કીર્તિ.

(So early in the morning.)

આલા[1] અદનાર[2] સુખથી પળશે,
ઇનસાફ ખરો જ્યાં નિત મળશે;
જ્યાં બકરી વાઘો સાથ ચરે,
તે અદલ રાજની ટેક ઠરે.
(કોરસ) જુગ જુગ જીવો વિક્ટોરિયા,
જુગ જુગ જીવો વિક્ટોરિયા,
જુગ જુગ જીવો વિક્ટોરિયા,
મ્હારાણી કૈસરે હિંદ. ૧
જેણીની હૈયાતી સાથે,
હુન્નર ખિલ્યોછે જગ હાથે;
વિક્ટોરિયા જ્યાં છો તમ રાંણી,
કીર્તિ સારી સહુએ જાંણી.
(કોરસ) જુગ જુગ જીવો વિક્ટોરિયા. ૨
રંકોનાં છો રૂડાં માતા,
માયાવંતાં છો દુખ ત્રાતા;
તમ સદા હિંદપર રાજ કરો,
ને દિલે હમારી દાઝ ધરો.
(કોરસ) જુગ જુગ જીવો વિક્ટોરિયા. ૩
ઓ ઈશ્વર સુણ મનપાદાની[3],
વિનતી ફિરોજની લે માની;
કે જીવે રાંણી વરષ ઘણાં,
ને દુશ્મન થાજો સર્વે ફના.
(કોરસ) જુગ જુગ જીવો વિક્ટોરિયા. ૪

૧—મોટા. ૨—ન્હાના. ૩—મનની મુરાદો પુરી પાડનાર.

ઠગારી દુનિયા.

ઝિંઝોટી જિલ્લો—પદ (ચાબખા) તાલ ત્રિવટ.

(જીવને શ્વાસ તણી સગાઈ ઘરમાં ઘડી ન રાખે ભાઈ—એ રાહ.)

જગમાં ભરીછ ભુંડી ઠગાઇ;
ભરોસો કદી ન રાખો ભાઇ. ૧
પુત્ર પિતા તણું ખુન કરેછે,
સસરો હણે[1] જમાઇ;
નાર પતીની ગરદન વાઢે,
જાણે ખુની કસાઇ. ૨
ભાઇ બ્હેનને માત પિતા શું,
ધુળની સર્વ સગાઇ;
અજાણની ગાંઠે ધન જોઈ,
સહુ કહે મારી મમાઇ. ૩
દાઢ દાંતને મંજન કરતાં,
નિત્ય સવાર ઘુમાઇ;
ગરજ શમે બહુ દુ:ખ દેઇને,
મેલી ચાલતી થાઇ. ૪
પેટ શેઠની વેઠ કરંતાં,
સર્વે ખોઇ કમાઇ;
લેશ[2] વાર ભોજનને લાગે,
પડું પગે ફસડાઇ. ૫
પરણી નારી પુત્રો સ્નેહી,
ખાશે છેલ્લી પાઇ;

૧—મારે. ૨—જરા.

રંક સમેતો ઘેલો કહિને,
શોક કરે ચતુરાઇ. ૬
કહે ફિરોજ જુવાંની સુંદર,
એ પણ જૂઠ જણાઇ;
આ તન જે તું તારૂં કહેછે,
એમાં નથી સચ્ચાઇ. ૭

નીતિ ઉપદેશ.

માડ—ગરબી—તાલ દાદરો.

(છેલ ગાર્રિ થારે આઢનિ મેવાડરે મલી.—એ રાહ.)

શુભ વેળ વિતી જાયછે—ભજિલ્યો નાથજી. ૧
કાજળો[1] કપૂર ભેળ—રૂપે ધો કાગ;
દુરજન[2] ન કરે ભલાઇ—વિષ ન તજે નાગ. ૨
મારૂં મારૂં શિદ લવેછે—તારૂં નથી અંગ;
તન ધન સહુ ભષ્મ થશે—ભકિત જશે સંગ. ૩
મુરખ રાજિ દ્રવ્ય થકી—ભિક્ષુ રાજિ અન્ન;
પ્રભુ રાજિ પ્રેમ થકી—કોયલ વસિ વન. ૪
હીરો નહિ મુરખ બુજે—ખર બુજે ન ખાધ;
આંધળો ન આરસી—બહેરા નહિ સાદ. ૫
હાથીને હોદ્દો શુભ—ઘોડે શુભ સ્વાર;
પરણીને પતિછે શુભ—નારી શૃંગાર. ૬
વધુ ધનની ફિકર વધૂ—બાળક વધુ વેદ;
વધુ દિવસ નહી નિભે—જેના વધુ શેદ. ૭

૧—મેસની સાથે. ૨—બુરો માણસ.

લેખણુ મેતો પરખે-દરજી રે સોય;
પથર સોનું પરખતાં-ઘશી ઘશી જોય. ૮
ભુખ વિનાનું ભોજન શું-સુખ વિનાનું ધન;
તાલ વિના ગાયન શું-પ્રિત વિનાનું મન. ૯
રાજા શોભે તખતે-હાથી દરબાર;
જશથી શોભે સુજાન-સાસરિએ નાર. ૧૦
દિવશ સાથ રાત્રીછે-લાભ સાથ ખોટ;
સુખો સાથ દુખોછે-જનમ સાથ મોત. ૧૧
વરસેછે વરષ માંહિ-મેઘ એક વાર;
એકછે ફિરોજ આ-જનમ કર વિચાર. ૧૨

રંગીલી રાત.

માંડ—ગરબી—તાલ દાદરો.

રંગીલી રળિયામણિછે રાત આજની;
છે સુંદર શુભ શોભા ચાંદની સાજની. ૧
ચંદ્ર વિના રાત શી—રૂપ વિન સણગાર,
રસ વિનતો વાત શી—સુખ વિન સંસાર;
દોલત અપજશે મળી શું તે કાજની. ૨
સહુ ભુમિથી નિકળશે—હેમને[1] કથીર,
એક માના પુત બે—કાયર[2] કો વીર[3];
કુવડ કોઇ દુરગુણુ કો સુઘડ નાજની. ૩
સ્વાતિ[4] બુંદ પિક[5]પીયે—વન વસી હસે,

૧—સોનું અને. ૨—હિચકારો. ૩—સૂરો. ૪—સ્વાતી યાને પંદરમું નક્ષત્ર, એમ કેહવાયછે કે એ નક્ષત્રમાં જે વરસાદ પડેછે તેજ માત્ર બપઈયાના મુખમાં જાયછે; એજ નક્ષત્રના વરસાદથી મોતી પાકેછે. ૫—બપઈયા પક્ષી.

ફાગ ગલિચ ખાઇ જિવે—હંસ જળ વસે;
મોર કરે શોર સુણી—મેઘ ગાજની[1]. ૪
બાળે રવિ[2] અજને—ફિકર જેમ અંગ,
વિયોગ જેમ વિરહણી—તેમ ભવ કુસંગ;
કે સુધિ ભલિ જાય ભુલી લોક લાજની. ૫
વેરિ થાય મિત્ર ભાઇ—સ્યાળ થાય સેર,
મેરૂ[3] જો થાય રાઇ—સમજ દૈવ[4] ફેર;
ફહે ફિરોજ ફોજ થાય શત્રુ તાજની. ૬

ઇશ્વર પ્રીતિ.

માંડ—ગરબી—તાલ દાદરો.

(ઉપલી રાહ.)

જગમાં ખોયો જનમ જેણે પ્રીત નહિ કરી;
સુખનાં શરાબથી ભરી આ જામછે ખરી. ૧
આ જગના બાગમાં—સુંદર જે ફૂલ,
પમરેછે સ્વર્ગમાં—પતાળમાંહ્ય મૂળ;
નહિ કદુ કરમાય તે નજાયછે મરી. ૨
અતિ મેઘે સડશે નહિ—જળ વિન કરમાય,
પતજડી[5] ન તોડશે—સૂર્યથી સુકાય,
લાખ જુગો વહિગયાં રહે નિત પમરી. ૩
મિઠું મધ ફિકું પડે—અમૃત બેસવાદ,
આબે હૈયાતની—સમીપ[6] શી બિસાદ;
શોધેછે ફરેસ્તા કહે ફિરોજ ફરી. ૪

૧—ગગડાટ, અવાજ. ૨—સૂરજ. ૩—મેર પરવત. ૪—નસીબ.
૫—પાનખર રૂત. ૬—પાસે, નજીક.

સંકટમાં પડેલાં હરણો.

ધનાશ્રી—ગરબી—તાલ ધીમો ત્રિતાલો.

(હાંણાં મોકલરે મોરાર.—એ રાહ.)

અરજી સુણજો હો કરતાર. ૧
હરણો હરણી ચરવા નિકલ્યાં,
બચ્ચાં લઈને ચાર;
અવઘડ વનમાં ફરી પડયાં કે,
લુબ્ધકની[1] પડિ ધાર[2]. ૨
એક દિશાએ સ્વાનો[3] ઘેરે,
બિજિએ નાખી જાર[4];
ત્રિજિએ બંદુક લઈ પારધી,
ચોથી બાવળ વાર[5]. ૩
કહે હરણો મજ વ્હાલાં બેટા,
હવે રહ્યો નહિ ચાર;
પ્રાંણ તણીતો આસ તજીને,
સહુ રોયાં નવ ધાર. ૪
હરણી બોલી સુણો મુજ પતી,
નરછો તમ હું નાર;
તમ બચ્ચાં કહિ કુદો વાર, પણ
ગર્ભતણો મુજ ભાર. ૫
અમ મરવેનો આશ્રય તમપર,
છે મુજ જીવન હાર;

૧—પારધીની, શેકારીની. ૨—ધાડ. ૩—કુતરા. ૪—જાળ.
૫—વાડ.

નર થઇને શિદ નારી પેરે,
ખોવો હિમ્મત યાર. ૬

નિરઆસી શિદ થાઓછો પ્રિય.
છે હજિ એક છુટકારો[1];
તન મનથી હરિ ભજિ લઇયેં તો.
નિશ્ચય પડિયે પાર. ૭

લાગિ પાય સહુ સીસ નમાવી,
ભજ્યો વિશ્વાધાર[2];
રડી કહ્યું કે હે દુખતારક,
અમને પાર ઉતાર. ૮

પ્રારથના આ હૃદય તણી જઇ,
પ્હોંચી હરિને દ્વાર;
જેણે યુક્તિ રચીને ઝટપટ,
કીધો અજબ ઉગાર. ૯

ઝાડીમાંથી નિકળી નાગે,
ડસિયો દુખ દેનાર;
પરદુખ દેવા ખાડો ખોદી,
પોતે થાયો ઠાર. ૧૦

ભરિ બંદુક પડતાંતો ફૂટી,
ઝટ સળગ્યો ઇંગાર;
એક ઘડીમાં મુઓ પારધી,
થઇ આવળની છાર[3]. ૧૧

૧—છુટકારો. ૨—દુનિયાને આસરો આપનાર; ખુદા. ૩—ખાખ, રાખોડી.

હરણી હરખી કહે સત્યછો,
પ્રભુ તમ દુખ હરનાર;
ક્હે ફિરોજ શુધ ભાવ ભજનથી,
બચ્યો હરણ પરિવાર. ૧૨

પૈસાની દુનિયા.

મુલતાંની—ગરબી—તાલ દીપચંદી.

(આખાનો વાઘેર કોડિનાર મારી જાય.—એ રાહ.)

જગત જૂઠ ધનનો મેળોછે. ૧
બાજિગરોને તરહા તરહાના—હ્યાંતો ખેલોછે;
કોઈ રંકને લૂટે જેનો—બાંધે થેલોછે. ૨
મુર્ખ ખપેછે સ્યાનો જે શિર—જરનો સેલોછે;
ક્રોડપતી કો રંક બને સહુ—ક્હે એ ઘેલોછે. ૩
માનપાન સહુ તેને મળશે—જે ધન ભેળોછે;
નાર મિત્રને પુત્ર સ્નેહ તો—જરનો ચેલોછે. ૪
તે ઘર કર જોડી સહુ આવે—જ્યાં જર રેલોછે;
હરિનો મુજરો[1] ફિરોજ પાછળ—જરનો પ્હેલોછે. ૫

ઉદ્યમના ફાયદા.

ભુપાલી—ગરબી—તાલ ધામો ત્રિતાલો.

જો દેહ નિરોગી કરવો હોયતો,
તનને રગડી રહીયેરે;

૧—સલામ; નમસ્કાર.

જો જ્ઞાનજ હાંસલ કરવું હોય તો,
મનને રગડી રહીયેરે, ૧

આગ લગાડ સૂમના જરને,
નહી કાંમ કઇ આવેરે;
જરશથી વૃદ્ધી કરવી હોય તો,
ધનને રગડી રહીયેરે. ૨

મોજ કરી આળશ તજિયે તો,
રંકશમે ના રડિયેરે;
ક્રોડપતી પતી હોય કદીતો,
તનને રગડી રહીયેરે. ૩

અડિયલ થાશે ઘોડા ચાકર,
જો બેશીને ખાશેરે;
તાર તાર છૂટો જોયે તો,
સણને[1] રગડી રહીયેરે. ૪

જેમ શેરડી જોરે પિળિયે,
વધતો રસ તે દેશેરે;
તેમ ઝડપથી દોહણીમાં,
માખણને રગડી રહીયેરે. ૫

જેમ છરી વાવરશો વધતી,
તેમ કીટ નહિ ખાશેરે;
નિર્મળ કરવા અગની પર,
કુંદનને[2] રગડી રહીયેરે. ૬

૧—એક જાતનો છોડ જેની છાલનાં દોરડાં ને કપડાં બનેછે તેને.
૨—સોનાંને.

અન્ન ફિરોજ ન પાચન થાશે,
આવ્યા વિનજો ગળશોરે;
સુવાસિક લેપન વખતે,
ચંદનને રગડી રહીયેરે. ૭

પતિને વિનંતી.

દેશ જિંઝોટી—ગરબી—તાલ દીપચંદી.

હો વિનંતી વાંચજો પતિરાયા,
શિદ ક્રોધો કરો તજી માયા. ૧

વાઢયું શિશ[1] લગાડી પ્રીત,
આતે શું પ્રીતની રીત;
પ્રાણનાથ ક્રૂર કેમ થાયા. ૨

નહિ નિશે નિંદ દિસે ચેન,
આવી આ પડયું દુઃખ સેન[2];
લાવો દિલ દયા સાસુ જાયા. ૩

દાશી સંભાઈં વિયોગે[3],
રોઉં રાત દિન દૈવયોગે;
નાખી હાલ એવે ક્યાં ધાયા. ૪

જેમ લોખંડ ખાએ કીટ,
ક્ષય[4] કાળજ મન નહી મીટ;
કરું ઘેલી પિયૂ ગુણ ગાયા. ૫

૧—માથું. ૨—લસ્કર. ૩—જુદાઈથી. ૪—ખઇ જાયછે, ખવાયછે.

દેઇ પાતી ફિરોજ પતીને,
કહેજો હાથ જોડી ખતીને;
છે સ્વામિ ખિ સુખના પાયા. ૬

કઈ ચીજ વિના શું નકામું છે.

જિલ્લો—ગરબી—તાલ જલદ ત્રિતાલો.

(હમકો છાંડ ચલે બનિમાધો.—એ રાહ.)

જ્ઞાન વિનાછે પુરૂષ નકામો;
પતિવ્રત વિણ નારી હલકાઈ. ૧
નિમક વિનાનું ભોજન શું રે,
ભૂખ વિનાની શી મીઠાઈ;
સ્વાસ વિનાનું ફૂલ પાન સમ,
ધિક વ્યવહાર વિના સચ્ચાઈ. ૨
પુત્ર વિનાનું કુળ અંધારૂં,
જશ વિણ જાણો જનમ રે ભાઈ;
મુખી[1] વિનાની શી રે મંડળી,
ભૂપ[2] વિનાની બાદશાહી. ૩
દિપક[3] વિનાતો મ્હેલો સુના,
દાન વિનાની લાખ કમાઈ;
સૈન્ય પતિ વિના ફોજ હજારો,
શકશે જીતી કશુ ન લડાઈ. ૪

૧—મંડળીનો મુખ્ય, સભાપતી. ૨—રાજા. ૩—બતી, દીવો.

ફૂલ ફળો વિણુ બાગ ન શોભે,
ભાટ વિનાની શેની ભટાઈ;
પતિ વિણુતો પરણી નહિ શોભે,
મલિન હૃદયને શાની સફાઈ. ૫

ભાવ વિનાની શેની ભક્તિ,
પ્રીત વિનાની શાની સગાઈ;
બુદ્ધિ વિનાનું બળ બળજો રે,
સુગુણ વિનાનાં સુત[1] ને જાઈ. ૬

ચંદ્ર વિનાની રાત ન દીપે,
સુઃખ વિનાનું દ્રવ્ય સવાઈ;
પ્રભૂ વિના આ જગછે ખાલી.
ફિરોજ લેજે નિત ગુણ ગાઈ. ૭

બાઇ ભીખાઇજી શાપુરજી બંગાલી કન્યાશાળાનો પાયો નાખવાની કિરિયા વખતે ગવાયલું ગાયન.

નૂર સારંગ—ગરબી—તાલ ધીમો ત્રિતાલો.

(સજ્જન શાણા, સમજીને સહુ પ્રીતે પુત્રી શીખવો.—એ રાહ.)

સખિ ચાલોની, જોવાને જઇયે રે
મહિમા[2] આજનો;
ધન સોરાબજી મરઝ નખાવે પાયો
લીધા કાજનો. ૧

૧— પુત્ર, દીકરો. ૨—વરણન કરવા જોગ જશ.

સુત[1] શાપુરજી બંગાળીના,
એકજ પુત માત ભીખાઇજીના;
કીધાં કામો બહુ નેકીના. ૨

જરથોસ્તી મંડળીની શાળા,
જ્યાં કેળવણી લઇ બહુ બાળા;
મ્હેરે સંસારી સુખ માળા. ૩

અધિકારી થઇ પ્રારંભતણા,
લીધા જશ દીધા લાભ ઘણા;
કેળવણીમાં રાખી ન મણા[2]. ૪

બાંધે ગૃહ[3] કેળવણી કાજે,
અધ લાખ દઇ રૂડી દાઝે;
મહુરત પાયાનું છે આજે. ૫

ભીખાઇજી નામ સદા રહેશે,
કન્યા શીખી આશિષ દેશે;
સોરાબજી નિત જગ જશ લેશે. ૬

એવો એકજ જણજો જનની[4],
જે મતલબ સારે બહુ જણની;
શુભ નેમ ધરીને તન મનની. ૭

જે શુભજન આ કાજે આવ્યાં,
અબળાની દાઝ દિલે લાવ્યાં;
રહેજો નિત અવનીમાં[5] ફાવ્યાં. ૮

અમ વિનતી સુણજો સુખદાતા,
રાખો નિત આ સુત ને માતા;
ફીરોજ કહે હે જગત્રાતા[6]. ૯

૧—બેટા, દીકરા. ૨—બાકી, કમતી. ૩—ઘર. ૪—માતા.
૫—દુનિયામાં. ૬—દુનિયાના રક્ષણ કરનાર.

નવરોજનો મહિમા.

સિંધુ અરવો—ગરબી—તાલ ધીમો ત્રિતાલો.

(જરથોસ્તી જેજેકાર જગતમાં જાણીતો.—એ રાહ.)

સખિ નબલ[1] દિવસ રે આજ,
સજની આવોની;
નવરોજ મુબારક કાજ,
ગીતડાં ગાવોની. ૧

મુસલમાનની મ્હોરમ તેવી,
હિન્દૂની દિપવાળી રે;
ઈંગરેજો નાતાલ કરેછે,
પારશી પતેતી પાળી. ૨

આજ દીવસનો મહિમા[2] રૂડો,
સર્વ હરખથી ડોલેરે;
એકમેકની ભેટ લઈ શુભ,
આશિર્વાદો બોલે. ૩

બાળક બુઢ્ઢાં તરૂણ[3] અબલાં,
સરસ કરે સણગાર રે;
ગલી ગલીએ વાજાં વાગે,
સરણાઇનો પોકાર. ૪

ઘણા વરસ સહુ સુખથી જીવો,
ઘણા જુઓ તહેવાર રે;
જરથોસ્તીનો નવલ વર્ષમાં,
ખિલજો જશનો બહાર. ૫

૧—નવો. ૨—વરણન કરવા જોગ પ્રતાપ. ૩—જુવાન.

ઉલટ ધરી ઉદ્યોગી રહેજો,
ધરી ધરમ પર ધ્યાનરે;
વડીલની શુભ નકલ કરી,
સુખ રૂડી રાખો સાન. ૬
ફિરોજ઼ હર્દી આશિષ દેછે,
ફળજો સહુને નેક[1] રે;
અહુરમજ઼દને યાદ કરી,
જ઼રથોસ્તી રાખો ટેક. ૭

સ મ સ્યા. (ઉખાંણાં)

સિંધુ માંડ—ગરબી—તાલ દીપચંદી.

(મ્હોલે પધારો મ્હારાજ મણીધર મ્હોલે પધારો.—એ રાહ.)

ઉખાંણાંનો ઉત્તર—સખી તુર્ત દોની ઉચારી;
કહિને ફરી ના ફર—સખી બહુ લઇને વિચારી. ૧
નથી ધાર આધાર નં—નથી હાડ[2] કે માસ;
સરે કામ તલવારનું—કરે ઉદકમાં[3] વાસ.—“કુંભારનો દોરો[4]”—૨
હાથ કહુ જણુ ચારને—હાથ સાંભલે વાત;
છાંની વાતો કહી દિયે—બોલી દિસને રાત.—“નાડી”— ૩
સ્યામ[5] વર્ણ અતિ શોભતો—ધરી મોરલી હાથ;
નિત ફૂંકી વગડે ફરે—નહિ તે ગોપીનાથ.—“ભમરો”—૪
હારેં ઉભા સુરનરો—તે નારી કેહેવાય;
પુરૂપ સૈન્ય સાથે લડે—(જેમાં) નાશ શત્રુનો થાય.—“કાંસકી”-૫
નાર એક ઘરમાં રહી—સુંદર ધરે પોશાક;
પટહિન[6] ઘરથી નિકળી—દેહજે યમની ધાક.—“તલવાર”—૬

૧—ભલું—રૂડું. ૨—હાડકાં. ૩—પાણીમાં—જળમાં. ૪—કુંભાર જે ઘેરાવટે ચક્કર ઉપર તઇયાર થાએલું વાસણ કાપેછે તે. ૫—કાળું. ૬—વસ્ત્ર વગર.

ગોળ ફરી શુભ નારીઓ–ગરબી નાચી ગાય;
જેની વાડીમાં રમે–ધન સહુ લૂટી જાય.–"પાંણીની રેહેંટ"૭
છટે છ માસે ગરજ પડી–લીધો ધરી ઉમંગ;
ધ્રૂજતાં જોઈને ફિરોજ–થર થર ધ્રૂજે અંગ.—"પંખો"—૮

ઇશ્વરને ઉપમાં.

જિંઝોટી—ગરબી—તાલ દાદરો.

(જાવાદો મને શાને રોકોછો વાટમાં.—એ રાહ.)

અનુપમ[1] કહી આપું ઉપમા[2] તમને છાજતી;
કો ન જોડિ સંપૂર્ણને બિરાજતી. ૧

જો હું તમને પુકારૂં કહી મેરૂ[3] જગત તણો,
તેતો છે અચલ[4] વળી શોધવો બિકટ ઘણો;
જ્યાં દેખું લીલા તમારી સ્હાજતી. ૨

ચાહે જે મન, ફળ સહુ દેછે તે કલ્પતરૂ[5].
તેતો છે કાષ્ટરૂપ[6] બળતાંમાં બળે ખરૂં;
સંગ તેની સરખાવતાં હું લાજતી. ૩

કામધેનુ[7] સકલ ઇચ્છિતની મનપા પુરે ખરી,
તેતો નહિ અમર કહો ભાગે ક્યમ લાઉં ધરી;
વળી દેખી દુખ મજનું નહિ દાઝતી. ૪

લોહૂ ચિન્તામણી[8] અડેથી ઝટ હેમ[9] બને,
તેતો છે પ્હાણુ[10] વળી જોવા નહિ ગમે મને;
સદા ધાતૂ તે રહે ભલે માજતી. ૫

૧—જેને સારૂં કોઇ ઉપમાં ન હોય તે–જે બીજાં કોઇ સાથે સરખાવિ શકાય નહી તે. ૨—બે પદ્દારથનું કોઇ વાતે સરખું થવું–મિસલ. ૩—મેરૂ પરવત. ૪—ખસે નહિ તેવું. ૫—ઇચ્છેલું આપે તેવું સ્વરગનું ઝાડ. ૬—લાકડું. ૭ ઇચ્છા પુરી પાડનારી સ્વરગની ગાય. ૮—જેની પાસે એ મણી હોય તેને જે જોઇયે તે મળે. ૯—સુનું–સુવરણ. ૧૦ પત્થર.

દયા દાનના સાગર[1] કોઇ તો કહે તમને,
મોટેરો ખરો પણ ન જળ ખારૂં ગમે મને;
લઈ લાખો ભોગો લ્હેર[2] ગાજતી. ૬
રવિ[3] સમાન કહું તો અતિશય તેજસ્વી[4] ન ગમે,
સિતળ ચંદ્ર છે પણ થઇ કળાહિણ[5] સદૈવ ભમે;
સદા પ્રભુકળા ફિરોજને નિવાજતી. ૭

કળજુગ.

જિંઝોટી—ગરબી—તાલ ધીમો ત્રિતાલો.

(કઠણ થયા માધવ મથુરા જઈ.—એ રાહ.)

કલજુગ તારી—રચના ન્યારી;
ભેદ ભર્યો છે ભારી રે. ૧
પાપી નાવ[6] તરે છે દરિયે,
પુન્ય ડુબે દુઃખ્યારી રે;
ઉદ્યોગી તો ભૂખે તફડે,
પેટ ભરે ધૂતારી રે. ૨
જ્યાં છે ચારો ઢગથી ઢળિયો,
મળે નહી ખાનારી રે;
ચલિયાં જ્યાં છે ચાર મળે નહિ,
ભુખથી પીડે ભારી રે. ૩
દુરાચરણનું ખેત ચરે છે,
સદા ચરણ રૂપધારી રે;

૧—સમુદ્ર-દરિયો. ૨—ધીમા પવનથી પાંણીનું ઉચું નીચું હાલવું તે. ૩—સૂરજ. ૪—ચળકતો. ૫—કળા વગરનું-જેનાં રૂપમાં વધઘટ થયા કરે તે. ૬—હોડી-વાહાંણ.

નીતિ કૂઓ તો વિષ લાગેછે,
સિખ લાગેછે ખારી રે. ૪

પ્રિયા પતીને ગરદન મારી,
ઘાવ કરેછે કારી રે;
જગને કાજે ઢોંગ કરીને.
થાય સતી મતવારી રે. ૫

સખી શેઠિયા વાડી વેચે,
ઘર બાંધે ભીખારીરે;
શેઠાંણીની સાડી ફાટેલી,
ચાકરડી જરતારી રે. ૬

કુળીનને મહુ ભુલી જઈને,
ધનથી બાંધે યારી રે;
પતી હજારો રૂપિયા માંગે,
જો પરણે કુમારી રે. ૭

ચોરી પર સિરજોરી કરીને,
માંગે ન્યાય પુકારી રે;
મુર્ખ મુન્સફો[1] નિર્દોષોનો,
પ્રાંણ લિએછે મારીરે. ૮

દેવળ દેહરે દરશણ ન્હાંને.
ચોરી કરે ભજનારી રે;
ધૂપ દીપ તો ક્યાંથી લાવે,
ભૂખે મરે પૂંજારી રે. ૯

૧—ઇનશાફ કરનારા.

ખુશામદોનું સેન ફરેછે,
ચોર કરે સરદારી રે;
ફિરોજ ક્હેછે સત્ય શિખામણ,
લાગે સર્વે અકારી રે. ૧૦

પ્રીતનાં પરીણામ.

સિંધુ ભરવો—ગરબાં—તાલ ધીમો ત્રિતાલો.

(જોયું જોયુંરે કોહલાપુર શ્હેર.—એ રાહ.)

દુખકારી પ્રીતનાં બાણ[1]—કોઇ નવ ખાશોરે;
રડિ બળિને ખોશો પ્રાણ—સુખી નવ થાશોરે. ૧
જુઓ પતંગ દીવડો જોઇ,
તન મન પ્રીતે ધાયરે;
ક્રૂર પ્રિયા તારે કાજે તે,
ભષ્મ બળીને થાય. ૨
નાદસ્વરતણી[2] હરણ કરેછે,
પ્રીત ખરી નિરદોષ રે;
જાળ પસારી રંક ફસાવી,
મારી રહે સંતોષ. ૩
પ્રીત કરેછે ભવર કમળની,
ઘેલો થઇ લપટાઇ રે;
સાંજ સમે જો ફસે બિચારો,
મરે નિશે[3] ગુંગળાઇ. ૪

૧—તીર. ૨—ગાયનના લાંબા સ્વરની. જુઓ નોટ પાને ૭ મે. ૩—રાતનાં.

ચકોર પક્ષી ઉડે ગગનમાં,
કરી ચંદ્રની પ્રીતરે;
બદન પછાડી મરે બાપડો,
આ શું પ્રીતની રીત. ૫

જળથી પૂર સરોવર જોઈ,
હંસ[1] લગાડે માયારે;
ફિરોજ જ્યારે સુકી ગયું જળ,
અંતે તજી સિધાર્યા. ૬

ડુબતા પાપીનો પશ્ચાત્તાપ.

સૂર સારંગ-ગરબી-તાલ ધીમો ત્રિતાલો.

(સજ્જન સાણા, સમજીને સહુ ભાંતે પુત્રી શીખવો.—એ રાહ.)

હો વિશ્વદાતા[2], દાસ પુકારૂં
વ્હારે[3] વ્હેલા આવોની;
હો દુઃખત્રાતા, દિલમાં કાંઇ
દયા પાપીની લાવોની. ૧

તજિ તમ જેવા કુલ જગતપતિ,
ભજિ નર્ક માળ સજિ મંદ મતિ;
ટુક દેખો કેવી થાઇ ગતિ. ૨

ભવ સાગરમાં, તો રેલ ચ્હડી,
ચમકે વિજળી વાદળ ગગડી;
શું ટકશે પાપી નાવ સડી. ૩

૧—તળાવ અને સરોવર તીરે રહેતો એક પક્ષી. ૨—દુનિયાને સઘળાં ન્યામત બખશનાર. ૩—મદદ કરવા-બચાવવા:

ઉછળે મોજાં બહુ પૂર બળી,
જાંણે દરપણમાં જાય ગળી;
સાંમો સુરકેછે પ્હાડ વળી. ૪

કુપથનું[1] સુકાંન અરે તૂટું,
કરતુકનું વહાંણ અરે ફૂટું;
જઇ કેને દ્વારે શિશ[2] કૂટું. ૫

જે જાંણી મધ મેં વિષ પીધાં,
મદમાં[3] તજિ પુન, પાતક કીધાં;
દૂખૂં સંગે જો મેં લીધાં. ૬

હરિને ફિરોજ જે તજિ ભાગ્યો,
યમનો ચાબુક પીઠે વાગ્યો;
મુઢ અંતસમે ચોંકી જાગ્યો. ૭

જગદર્શન મેળો.

સિંધુ બરવો—ગરબી—તાલ ધીમો ત્રિતાલો.

(જરથોસ્તી જેજેકાર જગતમાં જાંણીતો.—એ રાહ.)

હું આવી જગદર્શન-મેળો જોવાને;
પામી સુખ કરી પ્રશાંન-ખેલો જોવાને. ૧

તરહા તરહાની દુકાંન છે હ્યાં,
નાહ્નીને કો મોટી રે;
કોઇ પુન્યને જશને લેછે,
દાનત કોઇની ખોટી. ૨

બાજિગરોએ બાજી માંડી,
લોક થયાં વશ કોઇ રે;

1—બુરા રસ્તાનું. 2—માથું. 3—કેફની ખુમારીમાં.

થયો લોભમાં જે જન વશ તે,
મુરખે દોલત ખોઇ. ૩

ઘોળે દિવસે ખીશાં કાપી,
ચોર થયા કઇ શેઠ રે;
મ્હેનો સહુ સંભાળી રહેજો,
નહિતો કરશો વેઠ. ૪

રમત રમેછે શૂર સિપાઇઓ,
કરી પાપનો નાશરે;
કોઇ ખુદાને ભૂલી પાપી.
પંથ ચલાવે ખાસ. ૫

કોઇ પુત્ર પુત્રીને ખોઇ,
ભીડ જોઇને રોયાંરે;
કોઇ પિતા પતિ નારી મારી,
હસતે મુખડે જોયાં. ૬

ગરીબ ઝૂંપડે ચિથડે હાલે,
જોયાં પુન ધનવાન રે;
મોટે મહેલે કોઇ ગુમાવે.
હરિધન[1] સુખને સાન. ૭

અમીર વેશે ચોર ફરેછે.
સખી શેઠ કેહવાય રે;
ખુશામતિયા ઢોલીઓ[2] જશ,
ઢોલ વગાડી ગાય. ૮

૧—ઇશ્વરરૂપી ધન ૨—બાંકાં ફુકનારા.

ફિરોજ આ અવસરનો[1] મહિમા,
કહ્યો કાંઇ નહિ જાય રે;
ખ્યાલ કરીજો પ્રભૂ ભજો તો,
સ્વર્ગે સુખ બહુ થાય. ૯

તન દેહરૂં.

કાફી માંડ—ગરબી—તાલ દાદરો.

(અલગોનિ ચાલ પલો લાગશેરે લાલ.—એ રાહ.)

મને દેહરે શું કાંમ પ્રભૂ પાસછે જો,
પુરી પાડી જેણે જગની આસછે જો;
ભટકવાની ઘરઘરે ન ખાસછે જો. ૧

કોઇ કહે કે દુવાર્કામાં નાથછે જો,
કોઇ વેદને પુરાણ કરે પાઠછે જો;
અનમોલ એક લાલ મુજને હાથછે જો. ૨

નહી જાઉં ગંગા નદિએ સ્નાન કાજ જો,
નહી ઢોંગ કરી જગમાં ગુમાઉં લાજ જો;
સદા ભજું પ્રેમ કરી વિશ્વમહારાજ જો. ૩

નહી જોગની થઇને જગત ત્યાગ કરૂં જો,
નહી ઠાકરનો ઘાંટ કદી હાથ ધરૂં જો;
ભજી તનમને પ્રભૂ ભવનાં દુઃખ હરૂં જો. ૪

મુજ હૈડે બાંધ્યુંછે મેં સ્થાન[2] હરી જો,
નિત્ય ભાવથી ભજુ હું દિનરાત વરી[3] જો;
સદા રહુંછું ખુસાલ ભક્તિ ભજન કરી જો. ૫

૧—જોગવાઈનો, તકનો. ૨—ઠેકાણું, જગા. ૩—વળી.

કોઇ ઇજદ ખુદા અહુરમજ્દ નામ લે જો,
ક્રશ્ણુ હરિ શિવ નારાયણુને રામ લે જો;
કોઇ અલ્લાહ રબ કહી નિત્ય કામ લે જો. ૬

કોઇ જગત તજી ભજે વનોમાં રહી જો,
વળી ઉંધું તન કરી વિપત બહુ સહી જો;
પણુ ખુદા એક સર્વનો બિજો નહી જો. ૭

કહે ફીરોજ ધરમ સહુને પ્યારોછે જો,
જુઓ માલિ એક જુદો જુદો ક્યારોછે જો;
પણુ ખુદા કોઇથી કદિ નહિ ન્યારોછે જો. ૮

સંતોષ રાખવા વિશે.

સિંધુ બરવા—ગરબી—તાલ દીપચંદી.

(આવો મારે ઓડલે અલબેલારે.—એ રાહ.)

સખી જેમ રાખે પ્રભૂ તેમ રહિએરે;
સુઃખ સાથે દુખો પણુ સહિએ. ૧

દિન કોઇ ગાડિએ ફરિએરે,
કદિ તડકે પગોથી વિચરિએરે;[1]
દુઃખ દિલમાં કદી નહી ધરિએ.

નહી રોજ મળે મીઠાઈરે,
કદી વાસીઓ ટુકડા ખાઈરે;
સંતોષી રહેજો ભાઈ. ૩

૧—જઈયે, ચાલીયે.

જરતારી પહેરી સાડી રે,
નવ ગરવિ થશો જઇ વાડી રે;
છે લાખ નદીઓ આડી. ૪

કદી નવરતનેઓ[1] ઝમકિએ રે,
કદી ફાટિ સાડિએ દમકિએ રે;
નહી ભૂષણ[2] પેહરી છકિએ. ૫

બની શેઠાંણી કામ કહિએ રે,
કદી ચાકરડી થાઇ રહિએ રે;
સંતોષ ધરી સહુ સહિએ. ૬

સૂર્ય ચઢશે ઉચો મધ્ય દિશે રે.
વળી આથમતો પણ દીશે રે;
રહેશે ન નિચે ચઢી રીસે. ૭

નિત્ય હસિએ ને ભકિત પઢિએ રે,
નહી પ્રારબ્ધ[3] સાથે વઢિએ રે;
પ્રભૂપર રીશે નહી ચઢિએ. ૮

પ્રભૂ ચહાશે તેમજ થાશે રે,
રંક રાય થઈ પણ જાશે રે;
ગમ રાજ ખોઇ કોઇ ખાશે. ૯

કદી અંક સજાવ્યે ફૂલે રે,
ફરીરોજ તાપ્યે પણ ચૂલે રે;
ઈડી નાર પ્રભૂને ન ભૂલે. ૧૦

૧—હિરો, માણેક, મોતી, પાનું, પોખરાજ, ગોમેદ, લસણિયો, પરવાળું ને નીલમ એ નવ જાતના રત્નો. ૨—ઘરેણાં. ૩—નસીબ

સ્વર્ગ ગામ.

જિંઝોટી—ગરબી—તાલ દાદરો.

(ચાલની ચાલની ચાલની રે બેની ભણવા નિશાળે.—એ રાહ.)

ગામછે ગામછે ગામછે રે;
મારા સ્વામિનું સુંદર ગામછે. ૧
પ્રભૂના પ્યારા ત્યાંજ વશેછે;
સ્વરંગ જેનું નામછે રે. ૨
સુઃખ ચેન સાથ ત્યાં ઝરવે વશેછે;
દુઃખો દળીદ્ર નકામછે રે. ૩
રાગ રંગને મોજ મઝામાં;
હરખિત આઠો જામ[1]છે રે. ૪
ન્યાત જાત સંઆથ વશેછે;
ખુદા અલ્લાને રામછે રે. ૫
કુરૂપ સુરૂપ સહુ સાથ દિશેછે;
કાળાં ધોળાં ચામછે રે. ૬
જગમાં જે રહિને પુન્ય કરશે;
નિશ્ચય તેનું ઠામછે રે. ૭
ફિરોજ પતિનું સ્હેર તે જોશે;
જે ગાંઠે પુણ્ય[2] દામ[3]છે રે. ૮

ઘડપણનો બળાપો.

સિંધુ માંડ—ગરબી—તાલ દીપચંદી.

(મોહોલે પધારો મહારાજ મણીધર.—એ રાહ.)

ઘડપણ કેણે કર્યું રે—આ દુખ કેમ સહયું જાય. ૧

૧—ત્રન કલાકનો વખત, પોહોર. ૨—સવાબના, નેકીના. ૩—પઈસા.

એથી કારજ નહીં સર્યું ને—ત્રીજો ધરિયો પાય[1];
એની[2] નહિ બમણી કીધીતો—હાથે જોતાં ખાય. ૨

તન કાંપે મન ડર ડરેને—દિન લાગે જેમ માસ;
દંતવિના જડબાં લડે જેમ—ગાય વગોળે ઘાસ. ૩

કાન છતે બ્હેરો હું બનું ને—ભૂખ છતે શું ખાઉં;
આંખ છતે આંધળો થયોરે—પાય છતે કહાં જાઉં. ૪

પરણી નારી નિત બડબડતી—ક્રોધ કરે મનમાંહ્ય;
દિલમાંતો બળતાં સળગે પણ—જોર નહી તનમાંહ્ય. ૫

દીકરડાના દીકરા મને—રમવા ખેંચી જાય;
હું ઘોડાને ફુટ મારે જો—ઝટ નહિ ઉચળું પાય. ૬

જીવ પેરે ચાહું જે બેટા—તે વિનવે[3] જગનાથ;
(કે) બાપા ક્યારે પાછા થાશે—કે ધન આવે હાથ. ૭

બુઢ્ઢાપો છાજે તેને—જેને દુધ પુત હોય ધેન;
ફિરોજખરો ભાગ્યસાલી તે—જેનું પુખ્ત તન મન. ૮

ઘોરસ્થાનનું વર્ણન.

નૂર સારંગ—ગરબી—તાલ ધિમો ત્રિતાલો.

(સુણ સાહેલી, હરિ ભજવાનો અવસર એળે જાયછે.—એ રાહ.)

જોઇ ખ્યાલ કરો—કેવા કીધા કાળે[4] સહુના હાલજો;
ઝટ ધ્યાન ધરો—વશ થઇને પડયાંછે બુઢ્ઢાં બાળજો. ૧

૧—એટલે બે પગ નબળા થવાથી હાથમાં એક લાકડી ધરવાની જરૂર પડેછે. ૨—ઘડપણને લીધે બેહુ આંખો નબળી થયાથી ચશમા લગાડવા પડેછે. ૩—વિનંતી કરેછે. ૪—મહોતે.

આ સુતોછે રાજા જંગી,[1]
છે લાશ પડી અંતે નંગી;[2]
વળિ ઘોરે જગની થઇ તંગી. ૨

હતું તાજ ઝલકતું આ માથે,
કર ખાખરંકુ[3] તેની સાથે;
તે ન્યારિ થશે નહિ કોઇ હાથે. ૩

જો પેલી કબરમાં છે રાંણી,
લાવ્યો જેને યમ હ્યાં તાંણી;
તજિ ક્રોધ પડી છાંનીમાંની. ૪

હતો શેઠ વડો આ કોડપતી,
સમસાંને પડ્યો તજિ વાડિ છતી;
વળિ રાત્ર રડેછ (કે) મળે ન બતી. ૫

આ સૂમ જુએછે અધઆંખે,
જન દ્રવ્ય પડ્યું લૂટે પાંખે;
વળિ ખાઈ સહુ ભૂડું ભાંષે. ૬

આણે સુકર્મ તો બહુ કીધાં,
ભુખ્યાંને સીધાં બહુ દીધાં;
અમર રહિ જગમાં જશ લીધાં. ૭

આ કોઇ પડીછે રૂપવંતી,
હતિ તન શોભાવા બહુ ખંતી;
વિકાળ[4] સુરત થઇ શ્રીમંતી. ૮

૧—બહાદૂર. ૨—નાગી. ૩—કોઇ ગરીબના તનની બનેલી ખાખ. ૪—બિહામણી.

જાહેલ હતો આ બહુ જાલમ,
જેને ત્રાસે બીધી આલમ;
થઇ શરણ સુતો ત્યાં બેમાલમ. ૯

ફીરોજ દિવસ આ ખાસજ છે,
પ્રભુ સિવાય સહુનો નાશજ છે;
અંતે તો યમની આસજ છે. ૧૦

પ્રમેશ્વર સર્વને સંભાળેછે.

ધનાસરી—ગરબી—તાલ દાદરો.

તું નવ સોચ જિવન–પ્રભુ સંભાળશે;
ઘટે જે જેને તેને–તેહવું આલશે. ૧

કણ કીડીનેં વળી–ગજનો[1] ગંજ છે,
અજગર[2] પેટ ભરે–ન કાંઇ રંજ છે;
નિકળી ઇંડથી–પક્ષી તુરત ચાલશે. ૨

ઉંટ તો જલ વધુ પી–વનમાં જાયછે,
જોની શાહમૃગો–બળતું ખાયછે;
મેડક[3] મેઘ[4] જોઇ–તુરત ફુલી ફાળશે. ૩

ગર્ભે ગુપ્ત રહ્યો–નવ દસ માસ જે,
કેણી જુગતે રહી–લીધો ત્યાં સાસ[5] તે;
દેઇ દુધ થાંન ભરી–પ્રથમ તે પાળશે. ૪

૧—હાથીને. ૨—એક જાતનો મોટો સાંપ. ૩—દેડકો.
૪—વરસાત. ૫—પ્રાણવાયુ, દમ.

બાલક દંત વિના-દુધે ઉધારિયાં,
પછિ અન્ન ખાવાને-દંત ઉધાડિયા;
જેથી ચાવી સહુ-પેટ દુખો ટાળશે. ૫

તને તો તારિ ફિકર-કુલ જગની ત્હેને,
પાળશે તેજ સહૂ-જીવ દીધો જેણે;
કહે ફીરોજ મુરાદો-સહુની ભાળશે. ૬

સદગુણી સ્ત્રિ.

સિંધુ બરવો—ગરબી—તાલ ધીમો ત્રિતાલો.

(જરથોસ્તી જેજેકાર જગતમાં જાંણીતો.—એ રાહ.)

સખિ જો પેલી શુભનાર,
પ્રભુ ભજવા ચાલી;
સજિ નેકીનો સણગાર,
પ્રભુ ભજવા ચાલી. ૧

સત્ય વચન નિત મુખથી બોલે,
સત્ય ચાલ નિત વ્હાલી રે;
સત્ય નિયમની નિષ્ઠા[1] રાખી,
સત્ય દિપે મતવાલી. ૨

ઇશ્વર વાંણી સુગુણ પિછાંણી,
પોથી કરમાં[2] ઝાલી રે;
એક નાથને ચિત્ત લગાડી,
તજિ બદ લાલચ ઠાલી. ૩

૧—વિશ્વાસથી વળગી રહેવું. ૨—હાથમાં.

સદગુણનો શ્રૃંગાર કરીને,
રિઝવેછે જગવાલી રે;
ભર ઉમંગથી ભજનો ગાઈ,
હસી હસી લેછે તાલી. ૪

આ જગબાગ રચ્યોછે જેણે,
જે છે અનુપમ[1] માલી રે;
રૂપ રંગ તેનીજ સુગંધે,
પમરેછે સહુ ડાલી. ૫

રાય રંક સહુ એકજ તેને,
ધોળીને શું કાળી રે;
રૂપ તમારૂં શોભિત દેખી,
ના જાશો ફુલિફાલી. ૬

ફિરોજ કહેછે અસંખ્ય જુગથી,
જગપાલક વનમાલી રે;
જે મુખ તેના જશને ગાશે,
કદિ નહિ રહેશે ખાલી. ૭

કુસંગ તજવા વિશે.

પિલુ—ગરબી—તાલ દાદરો.

(ગરબે રમવાને ગોરી નીસરયાં રે લોલ.—એ રાહ.)

પડશો નવ કોઇબી કુસંગમાં[2] રે લોલ,
સદગુણ તજશો લાખ-થશો ખાખ;
નીતિસંગમાં રે લોલ. ૧

૧—જે બીજા કોઇ સાથે સરખાવી નહી શકાય તે. ૨—બુરી સંગતમાં.

બોરડીનો સંગ કરી કેળ[1] ફુટેરે,
હિંગ ભેળવ્યું અતરથી દુરગંધ છુટેરે;
પતંગ[2] થશે કાળી—જશે લાલી,
ગળી[3] રંગમાં રે લોલ. ૨

દૂધતો ખટાસ સંગથી ફ્ના થશે,
છાંય સુવો નીમની મોં કડવું થઇ જશે;
અશ્વ[4] અસિલ જાત—કસે લાત,
ખરા[5] સંગમાં રે લોલ. ૩

મેળિ જજો છાતિપર ન દૂધ ધાવશે,
બુરાઇમાં બુરો રિજે ભલું ન ભાવશે;
નાગ દૂધ પાન—કરી પ્રાંણ,
લિએ ખંગમાં રે લોલ. ૪

ઘસાઇ વાંસ વન ફિરોજ સંધુ બાળશે,
ઝાડ ભલાંને જુઓ નફો શું આલશે;
જોડે જડ લાલ—થશે આળ[6],
સુંદર નંગમાં રે લોલ. ૫

ભુલી પડેલી સ્ત્રિ.

સિંધુ કાફી—ગરબી—તાલ ધીમો ત્રિતાલો.

વગડે[7] ભુલી પડીરે ભુલી પડી,
ઉતાર પાર વનમાળી. ૧

૧—કેળનું ઝાડ—યાને બોરડીના ઝાડની પાસે કેળ ઉગેતો કેળના પાતરાં બોરડીના કાંટાથી ફાટ્યા વગર રહે નહી. ૨—પતંગનું લાકડું જે રંગના કામમાં આવેછે. ૩—એક જાતનો છોડ જેના પાતરાંનાં રસમાંથી આશમાની રંગ પેદા થાયછે. ૪—ઘોડો. ૫—ગધેડા. ૬—વગર કારણે દોષ—તોહોમત. ૭—જંગલમાં.

સાસરે જાવું મજને છે,
લોકો સહુ એમજ કહેછે;
કે બહૂ દૂર પતિ રહેછે. ૨

તજી પ્રિય પિયર હું ચાલી,
હ્યાં કોણ તમો વિણ વાલી;
નિશા[1] કેમ જશે. હ્યાં કાળી. ૩

મજ સંગે કોઇ ન આવ્યું,
પિતુ માંને પણ નહિ ભાવ્યું;
સહુ રોઇ હેત દર્શાવ્યું.[2] ૪

આ વગડે હું અંજાંણી,
નહિ મળે અન્ન કે પાંણી;
હ્યાં કરણી લાવી તાંણી. ૫

ધુરિ વાઘ પુઠે ભટકેછે,
લખ[3] સરપ[4] વૃક્ષ[5] લટકેછે;
વિખિ[6] કંટક[7] પગ બટકેછે. ૬

મજ માંથે પલ્લું[8] ભારી,
કરણી બોજો દુખકારી;
રાખું હું કેમ ઉતારી. ૭

કહે ફિરોજ, સાંભળ વાંણી,
જે ભજશે પ્રભૂ વખાંણી;
મળશે તેને પ્રિય જાંણી. ૮

૧—રાત. ૨—દેખાડયું. ૩—લાખની સંખ્યા. ૪—સાંપો.
૫—ઝાડો ઉપર. ૬—ઝેરથી ભરેલા. ૭—કાંટા. ૮—સ્ત્રીધન.

સ્વામિ સેવા.

કાલિંગડો—ગરબી—તાલ દાદરો.

(રાજ બંસી બજાવી સુખ વીસરી રે લોલ.—એ રાહ.)

ભજી સ્વામિ હું સદૈવ[1] રહું ચેનમાં રે;
રહું ચેનમાં ચેનમાં ચેનમાં રે. ૧

ભલે લોક હસે બહૂ મને જોઇને રે,
નહી પેટે હું પડું કદી રોઇને રે;
હસી વેઠું હું સર્વ સુખી સેનમાં[2],
સુખી સેનમાં સેનમાં સેનમાં રે. ૨

અહો સ્વામીજી ભલે તમે આવિયા રે,
દયા દાશીપર રૂડી તમ લાવિયારે;
હવે રહેશોજ સદા વસી નેનમાં,
વસી નેનમાં નેનમાં નેનમાં. ૩

નમી જોડું હાથ બન્ને બહુ હાવથી રે,
વરૂં તમને કૃપાનિધાન[3] ભાવથી રે;
સદા આજ્ઞાને[4] ભજું મધુર વેણમાં[5],
મધુર વેણમાં વેણમાં વેણમાંરે. ૪

પ્રભૂ સ્વામી એ બેહુ હિયાં એકછે રે,
કહું પંથ જો ફિરોજ તો અનેકછે રે;
કોઇ ચાલેછે વિષ્ણુ કોઇ જૈનમાં,
કોઇ જૈનમાં જૈનમાં જૈનમાં રે. ૫

૧—સદા. ૨—અંધારામાં, ચાળામાં. ૩—દયાના ભણ્ડાર.
૪—હુકમને. ૫—વચનથી.

માણસને ખુદાની શિખામણ.

ભૈરવી—બહેત—તાલ દીપચંદી.

અજિત[1] રાજ મારૂં જગતમાં સદા;
સકલ જીવજંતો કરેછે અદા[2]. ૧

ન કર માનવી તું ફિકર ખાધની;
હું દૌલત અખુટનો સખી છું ધની[3]. ૨

અગર કાજ અટકે વિપતમાં પડે;
મને યાદ કર તું કદી ના રડે. ૩

હું મારો કરી નિત્ય જાણું તને;
અરે માનવી માન તેમજ મને. ૪

ઉઠાવી બુરાં કાંમથી હાથ લે;
ડરી મુજથકી પુણ્ય[4] ધન સાથ લે. ૫

પ્રથમ ખાખ જળ મેળવીને તને;
ન મુશ્કિલ પડી કાંઇ ઘડતાં મને. ૬

કરેછે તું શિદને ફિકર પેટની;
ન રહેશે ભુખો ભાવથી ભેટની. ૭

તને યાદ મારીજ કરવા કીધો;
તજી ક્યાં ભમેછે તું રસ્તો સીધો. ૮

કિધી સર્વ રચના સુણો માનવી;
તમારેજ કાજેં નેકી જાણવી. ૯

પરન્તુ તું વશમાં પડયો જગતની;
ગુલાંમી કરે તુજ ગુલાંમો તણી[5]. ૧૦

૧—નહી જીતી શકાય તેવું. ૨—હાવભાવ. ૩ ધનવાન. ૪—નેકી. ૫—આ જગતની સઘલી રચના ખુદાએ માણસને વાસ્તે પૈદા કીધીછે, તથા તેના સુખો ભોગવી તે સાહેબને પીછાનવાને, પાંચ જ્ઞાન ઈંદ્રિયો બક્ષી, જેની ઉપર હાકમી ચલાવવાને આત્માને મુકરર કીધોછે; તેથી જે આદમી આ પાંચે જ્ઞાન ઈંદ્રિયો (જે તેની ગુલાંમડીઓ છે) તેઓને પોતાનાં તાબા હેઠળ રાખતો નહી, પણ ઉલટો ઈંદ્રિયોને સંતોષ રાખવા જેમ તેઓ કહેછે તેમ ચાલેછે યાને વિષય ભોગમાં પડેછે, તે પોતાના ગુલાંમોના ગુલાંમ બરાબર છે.

મને શોધતાં પ્રાંણુ સઘળાં ફરે;
મુરાદો[1] પુરવવા મને સાંભરે. ૧૧

હું પણ તેમ શોધું તને ભાવથી;
તું આવ્યો ભમે કાં ભર્યો તાવથી.[2] ૧૨

વગોવે મને કાં તું મનમાં બળી;
મને ભુલ્યાં મન પર ન ક્રોધે વળી. ૧૩

ભજન કર્જે તારૂં કરીલે અદા;
બખશવું ખાજક[3] કાજ મુજનું સદા. ૧૪

વિસારી તું ભજનો સહે આપદા;
ભુલું નહિ તને ભોજનો દઉં સદા. ૧૫

તું માગી રહ્યો કાલ કાજેં સઉ;
હું ભક્તિ કાલની ન માંગી લઉં. ૧૬

સુણ ફિરોજ જે આ શિખો[4] પાળશે;
સદા બેહુ જહાંને સુખી તે થશે. ૧૭

૧—મનની ઇચ્છાઓ. ૨—તાવ ત્રણ પ્રકારના હોયછે, પેહેલ્લો અધ્યાત્મિક એટલે શરીર અને મન સંબંધી સંતાપ જેવાકે ખેદ, શોક રોગ ઇત્યાદિ. બીજો આધિભઉતિકસરષ્ટિના ઉત્પાત જેવાકે ભૂકંપ, રેલ, દુકાલ, આગ ઇત્યાદિ. ત્રીજો આધિદઇવિક—અકસ્માત દઇવિકોપ, જેવાકે વિજળીનું પડવું, કોગળીયું ઇત્યાદિ તેથી. ૩—ખોરાક. ૪—શિખામણો.

ભાગ ૩ જો.

ઉરદુ ભાષાના ગાયન.

ઇશ્વર સ્તુતિ.

ભૈરવી—ગજલ—તાલ ત્રિતાલો ઠેકો મુગલાઇ.

(ઉડાતા ખાક સરપર ઝુમતા મસ્તાના આતા હુએ.—એ રાહ.)

ઇલાહી જિક્રમેં તેરે,
સભી ખલ્કત બની રેહવે;
હમારે કલ્બમે[1] હરદમ,
તેરિ ઉલ્ફત[2] બની રેહવે. ૧

ઇહાંપર આબિદો-ફાસિક,[3]
પ હુએ લુત્ફો-કરમ[4] ઉસ્કા;
કરો તુમ ફએલ[5] વો યારો,
કે વુહાં રેહમત બની રેહવે. ૨

સફર હુએ દૂરકા યારો,
ન ખાલી હાથ તુમ જાઓ;
અગર ચાહતે અજીજો તુમ,
વુહાં ઇજ્જત બની રેહવે. ૩

કરો કુરબાન જાંનોમાલ,
ચલો ઇરશાદે-મુરશદ[6] પર;

